SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 70. ઉત્તર ગુજરાતનું સંપાદિત લોકસાહિત્ય

પ્રિતી ટી. ચૌધરી

## પ્રસ્તાવના

ડોલરરાય માંકડે ઈ.સ ૧૯૬૬માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટિની સ્થાપનાથી લોકસાહિત્ય વિષયને અનુસ્નાતક કક્ષાએ અભ્યાસમાં અને અનુસ્નાતકોત્તર કક્ષાએ સંશોધનમાં સ્થાન આપ્યું. એ વિષયના અધ્યાપક તરીકે લોકસાહિત્યના તજજ્ઞ પુષ્કર ચંદરવાકરની નિમણૂક કરી.

સૂચેતા ભાડલાવાળાથી માંડીને ડૉ.પ્રકાશભાઈ, ડૉ.પ્રહલાદ પટેલ અને ડૉ.પરશુરામ દેવમુરારિ જેવા અનેક વિદ્યાર્થીઓએ શોધાર્થી બનીને ક્ષેત્રકાર્ય આધારિત સંશોધનકાર્ય આરંભ્યા અને પીએચ.ડી પદવી મેળવી. પુષ્કર ચંદરવાકરે પણ લોકસાહિત્ય વિષયક સંશોધન લેખો, ક્ષેત્રકાર્ય આધારિત પુરા વૈજ્ઞાનિક દ્રષ્ટિબિંદુ વાળા લોકગીતના સંપાદનો અને સંશોધનો પ્રકાશિત કર્યા.એમણે યોજેલી પરિભાષાઓ એમણે સ્થાપેલા સિદ્ધાંતો અને કરેલા સમીક્ષાત્મક મૂલ્યાંકનો અને એમણે કરેલા વિધાનો સતત ચર્ચાતા રહ્યા.

ગુજરાત રાજ્યના ઉત્તરે આવેલા ગાંધીનગર, સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા એમ પાંચ જિલ્લાઓનો વિસ્તાર ઉત્તર ગુજરાત તરીકે જાણીતો છે. જેને લોકો પરંપરાગત બોલીમાં જતવાડ, નળકાંઠો, ચુવાળ, દંઢાય, વઢીયાર, ડીસાવર, હીંદવાણી, થરાદરી, મેવાસ, જાટવાડ, રાધનપુરી, પાટણવાડો, ધંધાર, વાગડ અને વાલમ જેવા વિવિધ નામોથી પ્રાદેશિકતા અનુસાર ઓળખવામાં આવે છે.

ઉત્તર ગુજરાત વિસ્તાર વેદ પ્રસિદ્ધ આનર્ત પ્રદેશ તરીકે પણ જાણીતો છે. એક સમયે આ વિસ્તાર મૌર્ય અને ગુપ્ત સામ્રાજ્યનો ભાગ હતો. સોલંકી યુગમાં મારવાડ, મેવાડએ ઉત્તર ગુજરાતનો એક ભાગ હતો. બ્રિટિશરોના બોમ્બે પ્રોવિન્સનો ઉત્તર ભાગ છેક સિંધ, ઓમાન, કુવૈત જેવા આરબ દેશો સુધી ફેલાયેલો હતો.

ચોથી પાંચમી સદીમાં અહીં ગુર્જરો આવ્યા આઠમી સદીમાં સૌરાષ્ટ્રમાં વલ્લભિનું પતન થયું જેથી આરબોનો પ્રભાવ વધતા જૈનો પણ મોટી સંખ્યામાં આ વિસ્તારમાં આવી વસ્યા. બારમી સદીમાં ઉત્તર ભારતમાંથી એક હજાર વૈદિક બ્રાહ્મણ કુટુંબોને નિમંત્રીને મૂળરાજે વસાવેલા. તે ઉપરાંત કડવા , લેઉવા પાટીદારો, આંજણા, ચૌધરીઓ, ઠાકોર રાજપૂતો, મુસલમાનો, હરિજનો, તુરી, ભરથરી, નાયક, બારોટ અને વાણીયા જેવી જાતિઓનો વસવાટ હતો.

ઉત્તર ગુજરાતના પ્રાંતોના જીવન, પરંપરાઓ, સંસ્કૃતિ અને લોકજીવનની ભાવનાને સાથે લઈને વિવિધ લેખકો અને સંપાદકો દ્વારા રચનાત્મક અભિગમ સાથે રજૂ કરવામાં આવ્યું છે. ઉત્તર ગુજરાતના સંપાદિત સાહિત્યનો મોટાભાગનો ભાગ સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, અને પાટણ જિલ્લાઓની જીવનશૈલી, તહેવારો, અને વિધિઓ સાથે જોડાયેલી છે. આ સાહિત્યમાં લેખકો લોકજીવનની અભિવ્યક્તિઓને સાચવીને લખાણ સ્વરૂપે રજૂ કરે છે. આ પ્રકારના સાહિત્યનુ સંપાદન પુષ્કર ચંદરવાકર, શાંતિભાઈ આચાર્ય, જયંતીલાલ દવે, મફત રણેલાકર,બળવંત જાની, રમેશ ચૌધરી વગેરે જેવા સંપદકોનું ઉત્તર ગુજરાતનું સંપાદિત સાહિત્ય નીચે મુજબ જોઈ શકાય.

- **સંપાદિત સાહિત્ય**

| સંશોધક સંપાદકનું નામ | સંપાદિત કૃતિઓ |
|---|---|
| ચંદરવાકાર,પુષ્કર | • ઉત્તર ગુજરાતની લોકકથાઓ |
| આચાર્ય, શાંતિભાઈ | • હેંડો વાત મોંડીએ , |
| દવે, જયંતીલાલ સો. | • ઉત્તર ગુજરાતની લોકવાર્તાઓ<br>• બસકાંઠાના લોકસંસ્કાર અને લોકવાણી |

| | |
|---|---|
| | • લોકવાર્તાની લહેર<br>• ઉત્તર ગુજરાતે |
| રણેલાકર, મફત | • ઉત્તર ગુજરાતની લોકવાર્તાઓ<br>• રૂપેણ કાંઠાના શૂરવીરો<br>• રૂપેણ કાંઠાની લોકકથાઓ<br>• રૂપેણ કાંઠાની સતીઓ<br>• રૂપેણની રસધાર |
| ચૌધરી, રમેશ | • ઉત્તર ગુજરાતની લોકકથાઓ |

## સંદર્ભ સાહિત્ય


- **ઉત્તર ગુજરાતની લોકકથાઓ સ્વાધ્યાય અને સર્વેક્ષણ,બળવંત જાની .ડૉ -સંપાદકો , ડૉ. અમૃત પટેલ, ડૉ. અંબાદન રોહડિયા.**
- બળવંત જાની.અમદાવાદ .(બીજી આવૃત્તિ) ગુજરાતી લોકસાહિત્યવિમાર્શ .(૨૦૨૪).
- ઉત્તર ગુજરાતના લોકગીતોના સંપાદનો .પરમ પાઠક .ડૉ –
- CHAT GPT